# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

ઘર પલાળે એ પ્રકારે નેવાં છે, પ્રેમ કીધો એટલે છાપરાં એવાં છે
જાતને જળ માનીને એ માંગે છે, દો સરોવર,ઝાંઝવા પણ કેવાં છે
પારધી તું જાળ ના પાથર, પાછો વળ, ધ્યાનથી જો, માટીનાં પારેવાં છે
જો નદી એકાદ પણ આપો તમે, એક સામે, સાત ડુંગર દેવા છે
ઓટ-ભરતી ત્યાંય નક્કી હોવાની, રણ બધાંય જો, દરિયા જેવાં છે
ઊંઘનું ખૂટલપણું સમજાયું છે, લોન પર સપનાં મળે તો લેવાં છે.

- ધૂની માંડલિયા

## પાથેય

- રમેશ ઠક્કર

## લોન ઉપર સપનાં ઉધાર લેવાની વાત..!

કવિતાનાં કલ્પનો જબરજસ્ત હોય છે.કવિ શબ્દોના ઘોડા પલાણી અવનવી સફર કરી શકે છે.એમાં આપણા જેવા ભાવકો આનંદ અનુભવે એ સ્વાભાવિક છે.ભાવક? તરીકે જેટલી ક્ષમતા હોય એટલી જ આનંદની અનુભૂતિ કરી શકીએ.એ માટે કવિ સરસ શબ્દ પ્રયોગ કરે છે..એ કહે છે ઘરને પલાળે એ પ્રકારનાં નેવાં છે ! જેટલો પ્રેમ આપણે પામી શકીએ એટલી સજ્જતા છે.આ બહુ મોટી વાત છે.પ્રેમ આખરે તો પાત્રતાને અનુસરે છે.લાગણી કે પ્રેમ દરેક પામી શકતા નથી.આ ઘટના એકમેકની સમજણ અને સમજ ઉપર આધારિત છે.કોઈનો પ્રેમ માગતાં પહેલાં એ પણ જોવું જોઈએ કે આપણી પોતાની પાત્રતા કેટલી છે?કવિ બે જ પંક્તિમાં આ બાબતને બહુ અસરકારક રીતે વ્યક્ત કરી શક્યા છે..

સુખની સાદી હકિકત એટલી કે આપણે હંમેશાં બહુ સારું સારું જ માગતા રહીએ છીએ.માગવામાં શું કામ કસર રાખવી ? એવો જાણે આપણો ભાવ હોય છે.પોતાની જાતને જળ માની આપણે સરોવર કે નદીની કલ્પના કરતા રહીએ છીએ.. મએમાં ઝાંઝવાંની કલ્પના પણ નથી કરી શકતા.જ્યાં આશા છે મ,અપેક્ષા છે, ત્યાં કદીક ઝાંઝવાં પણ ચમકી જતાં હોય છે! સુખની માગણી સાથે જો ઝાંઝવાંની જાણકારી હોય તો સુખ વિશેનું ભ્રમનિરસન એટલું જલદી થતું નથી ! જંગલમાં શિકાર ઉપર નીકળેલો પારધી ક્યારેક જાળ બિછાવી પોતાના શિકારને પકડવા માટે પ્રયત્નો કરતો હોય છે.એમાં એ ઘણીવાર ભૂલી જાય છે કે પોતે જે પારેવાંને પામવા મહેનત કરે છે એ છેવટે તો માટીનાં પારેવાં છે. ભ્રામક જીવંતતાનાં પ્રતીક છે !જ્યારે આ નિરર્થકતાનો એને ખ્યાલ આવે છે ત્યારે,વાલીયા લૂંટારામાંથી વાલ્મીકિ ઋષિ બનવાની ઘટના આકાર પામે છે..જ્યાં સુધી આપણે મોહવશ સુખની પાછળ દોડતા રહીએ છીએ ત્યાં સુધી સુખની સાચી વ્યાખ્યા પ્રાપ્ત થતી નથી ! જ્યાં ઠેસ પહોંચે કે કોઈ અડચણ અનુભવાય ત્યારે આપણી અંદર જે વિષાદ ઉમટે છે એ કોઈ અલૌકિક ચીજનો સાદ બની જાય છે.

કવિતા એ આમ જોઈએ તો ખુમારીની અભિવ્યક્તિ છે.સર્જકને તમે કશુંક આપો તો એની સામે અનેકગણું પરત આપતો રહે છે.આ 'કશુંક' એટલે એવું નથી કે એમાં સુખની પળો જ હોય.એ પોતાના ઘાવ? કે વ્યથાને પણ સંવેદનાથી મઢીને સજાવે છે.એવુ કહી શકીએ કે જો તમે એકાદ નદી આપો તો એની સામે એ સાત ડુંગર આપવા તૈયાર હોય છે. આપવા અને લેવાની જે વાત જગતમાં છે એ માપદંડો અહીં નથી ! આ હરખપદુડા લોકોની દુનિયા છે!એમાં ઉમળકો અને ઉલ્લાસ એ જ મુખ્ય પરિબળો છે.નફો કે ખોટના પ્રચલિત ખયાલો ચાલતા નથી..

આપણે એવું માનીએ છીએ કે ઓટ અને ભરતી એ દરિયાના જ ભાવો છે.પરંતુ સાવ એવું નથી ! વિરાટ ફલક ઉપર પથરાયેલું રણ પણ આખરે તો મૃતપ્રાય દરિયો છે!એમાં પણ સ્પંદનો થતાં રહે છે.દરિયાનો ઘૂઘવાટ હોય છે, એમ રણનો પણ ધબકાર હોય છે !દરિયામાં ભરતી ઓટ આવે છે એ લાગણીના ઉછાળા જેવી ઘટના ગણીએ તો રણના પણ? આવા ઉતાર ચઢાવ હોય છે! કવિ અદભુત કલ્પના કરે છે.એમને ગાઢ નિંદ્રામાંથી વિક્ષેપ થાય એ ગમતું નથી. એના માટે એ "ઊંઘનું ખૂટલપણુ" એવો શબ્દપ્રયોગ કરે છે.આવો વિક્ષેપ જ્યારે થાય એટલે સ્વપ્ન તૂટે છે.આ સ્વપ્ન એવાં છે કે જે વાસ્તવમાં ચરિતાર્થ થયેલાં હોતાં નથી ! માણસની જાગૃત અવસ્થામાં સુખ માટેની પરિકલ્પના હોય છે એ પૂર્ણ ના થાય ત્યારે અજાગૃત મનમાં એ સપના રૂપે સચવાય છે.આ અવસ્થા આમ જોઈએ તો એક ભ્રમ છે. છતાં એનો?આનંદ પણ? અદકેરો બની જાય છે.નાના સરખા કોઈ વિક્ષેપથી એ તૂટે છે ત્યારે સપનાં પણ લોનથી લેવાં પડે એવી સ્થિતિ સર્જાય છે.!જગતમાં લોન ઉપર ઘર મળે, જમીન મળે, વાહન મળે, એ તો સમજાય..પરંતુ લોન ઉપર સપનાં મળે એ વાત નવાઈ પ્રેરક લાગે છે કવિને તો એ રીતે પણ જુઓ સપનાં ઉધાર મળતાં હોય તો લેવાની તલાવેલી છે.! મૃગજળ સમું સુખ ભલે થોડો સમય પણ ઉધાર ઉપર પણ મળી જાય તો એ પણ માણી લેવા જેવું હોય છે.તરસ છીપાવવા માટે પાણી ના મળે તો ઝાંઝવાની અનુભૂતિ પણ માણસને અમુક સમય સુધી જીવતો રાખી શકે છે..જળ હોય કે મૃગજળ, સર્જક માટે એ કાયમ સુખનું સરોવર બની જતું હોય છે..!

# છોકરાની પાણીદાર આંખોમાં ખુમારી ડોકાતી હતી



સ-રસ
મમતા બુચ

"સા'બ, પેપર-બેગ ચાહીયે ક્યા?" શૈલેશભાઈની કારની વિન્ડો સામે ઊભો રહીને એક નવેક વર્ષનો છોકરો પૂછી રહ્યો હતો. "નહીં ચાહીયે." શૈલેશભાઈએ ન્યૂઝ-પેપરમાં જ માથું રાખીને ટૂંકો જવાબ આપ્યો. "લે લીજીયે ના સા'બ, યે ઈકો-ફ્રેંડલી હૈ." છોકરાએ આગ્રહ કર્યો. "ઈકો-ફ્રેંડલી" શબ્દ સાંભળીને શૈલેશભાઈએ ઊંચું જોયું. એક પેપર-બેગ વેચી રહેલા, મેલાં-ઘેલાં કપડાં પહેરેલા છોકરાને આ શબ્દની ખબર હતી! એમણે ફરીથી કહ્યું, "હાં, લેકિન નહીં ચાહીયે." છોકરાએ ફરીથી આગ્રહ ન કર્યો. માથું નમાવીને એ બીજી કાર બાજુ સરી ગયો.

એટલામાં ગ્રીન સિગ્નલ ચાલુ થઈ ગયું. શૈલેશભાઈના ડ્રાઈવરે કાર હંકારી મૂકી. પણ શૈલેશભાઈના મગજમાં એ છોકરો રમતો રહ્યો. ઘણી વાર કેટલીક ક્ષણો વીતી ગયા પછી માણસને ખ્યાલ આવે છે કે આમ કરવાનું તો રહી ગયું! શૈલેશભાઈને થયું કે બે-ચાર પેપર-બેગ્સ લઈ લીધી હોત તો સારું હતું! આમે ય કામમાં આવે એવી વસ્તુ તો હતી જ! અને એવડા છોકરાનું મન પણ સચવાઈ જાત.

બીજે દિવસે એ રસ્તે જવાનું ન હોવા છતાં શૈલેશભાઈએ ડ્રાઈવરને સૂચના આપી કે ગઈ કાલવાળા રસ્તે જ કાર લઈ જાય. ફરી સિગ્નલ આગળ ગાડી ઊભી રહી. ફરી એ છોકરો દેખાયો. ફરી એ શૈલેશભાઈની કાર પાસે આવ્યો. પણ શૈલેશભાઈને એ ઓળખી ગયો. કંઈ જ બોલ્યા વગર એણે ચાલતી પકડી.

આ વખતે શૈલેશભાઈએ એને અટકાવ્યો. "પેપર-બેગ નહીં બેચોગે?" "બેચનેકે લિયે હી તો બનાઈ હૈ, સા'બ! પર જબરદસ્તી નહીં બેચેંગે!" છોકરાની પાણીદાર આંખોમાં ખુમારી ડોકાતી હતી. શૈલેશભાઈને છોકરામાં રસ પડ્યો. "મુઝે તીન પેપર-બેગ્સ ચાહીયે." એમણે કહ્યું. "કૌનસી વાલી? મેરે પાસ પંદરહ રુપયેસે લે કર અસ્સી રુપયે તકકી બેગ હૈ." છોકરાએ કહ્યું. શૈલેશભાઈએ કહ્યું, "ફિલહાલ તો પંદરહવાલી હી દો." છોકરાએ ત્રણ બેગ્સ આપી. શૈલેશભાઈએ પચાસની નોટ આપી. છોકરો પાંચ રૂપિયા પાછા આપવા ખીસ્સાં ફંફોસવા માંડ્યો. શૈલેશભાઈએ કહ્યું, "રહને દો. ખુલે પાંચ રૂપયે નહીં હૈ તો કોઈ બાત નહીં." છોકરાએ ઊંચું જોયું, "નહીં સા'બ, મુઝે હરામકી કમાઈ નહીં ચાહીયે."

શૈલેશભાઈના ચહેરા ઉપર હળવું સ્મિત આવ્યું, "મૈં કહાં કહ રહા હૂઁ કિ મુઝે પૈસે નહીં ચાહીયે? મેરા ઘર પાસ હી મેં હૈ. તુમ કભી ભી આ કર પૈસે દે જાના." એને પોતાના ઘરનું એડ્રેસ સમજાવીને શૈલેશભાઈ રવાના થયા.

બીજે દિવસે શૈલેશભાઈ હજી પોતાના બંગલાના ગાર્ડનમાં ચા પી રહ્યા હતા ત્યાં એ છોકરો ડોકાયો. શૈલેશભાઈએ ચોકીદારને એને અંદર આવવા દેવા માટે ઈશારો કર્યો. છોકરાએ આવતાં વેંત પાંચ રૂપયા ધર્યા. શૈલેશભાઈ હસી પડ્યા, "અરે, લઈ લઈશ. શ્વાસ તો ખા હજી!" છોકરો પણ મલકાયો.

શૈલેશભાઈની નજર એના મુઠ્ઠી વાળેલા હાથ ઉપર પડી. એના કાંડા ઉપર કોઈએ માર્યું હોય એવાં નિશાન હતાં. શૈલેશભાઈ ગંભીર બન્યા. "અહીં બેસ. ગુજરાતી સમજે છે? આ શેનાં નિશાન છે?" છોકરો સ્હેજ અચકાયો. પછી નીચે બેઠો. "હા, સાહેબ. ગુજરાતી જ છું. આ નિશાન....બાપુએ માર્યો એનાં છે." શૈલેશભાઈની મુખમુદ્રા વધુ ગંભીર બની. "કેમ? એવું તેં શું કર્યું?" છોકરો કંઈ ન બોલ્યો. "તું ક્યાં રહે છે?" શૈલેશભાઈએ પૂછ્યું. જવાબમાં છોકરાએ દૂર ઝૂંપડપટ્ટી તરફ આંગળી ચીંધી અને ચાલતો થયો. શૈલેશભાઈએ મોટેથી કહ્યું, "નામ તો કહેતો જા." "ગૌરવ." ટૂંકાણમાં જવાબ આપીને છોકરો ઝાંપાની બહાર નીકળી ગયો અને શૈલેશભાઈને અતીતની સફરમાં છોડતો ગયો.

"ડેડી, આ બધું તો અમારે ત્યાં ચાલતું જ રહેશે. અમારે ત્યાં દરેક વીક-એન્ડમાં પાર્ટી હોય છે. એ વખતે તમે જીદ લઈને બેસો છો કે મને મંદિરે લઈ જા કે ફલાણા ભાઈને ઘણા વખતથી મળ્યા નથી તો એમને બોલાવ કે મને એમની પાસે લઈ જા. અમારી પોતાની પણ કોઈ લાઈફ હોય છે, યૂ નો!" અમેરીકામાં સમીરમાંથી "સેમ" બની ગયેલા દિકરાના શબ્દો એમના કાનમાં પડઘાઈ રહ્યા.

"પણ દિકરા, હું જીદ ક્યાં કરું છું? હું તો ફક્ત એટલું કહું છું કે અહીં હું સાવ એકલો પડી ગયો છું. દેવયાની મારી સાથે હોત તો મને આટલી બધી એકલતા સાલતી ન હોત. પણ એ તો ઈશ્વરના ઘરે ચાલી ગઈ. એટલે જ્યારે તમે લોકો ફ્રી હોવ ત્યારે ક્યારેક મારી ઉંમરનાં કોઈક ઓળખીતાના ઘરે જઈએ તો જરા ગમે." શૈલેશભાઈ મૃદુ સ્વરે કહી રહ્યા હતા.

"ઓહ કમ ઓન ડેડ, વાત તો એ જ છે. મોમ હવે આપણી સાથે નથી એ કડવું સત્ય છે. તમારે એ એકસેપ્ટ કરી લેવું જોઈએ. અને અમે આખું વીક તો હાર્ડ વર્ક કરતાં હોઈએ છીએ. વીક-એન્ડમાં તો એન્જોય કરીએ ને!" સમીર જવાબ આપી રહ્યો હતો.

તે પછીની બાજી એની પત્નીએ સંભાળી, "ડેડી, એક આઈડિયા એવો આવે છે કે તમને અહીં ના જ ગમતું હોય તો ઈન્ડિયાની ટિકિટ કરાવી આપીએ? ત્યાં આપણો બંગલો છે, કાર અને ડ્રાઈવર છે... તમને તમારો માહોલ મળશે તો તમારું મન પણ આનંદમાં રહેશે, રાઈટ?" શૈલેશભાઈ સમજી ગયા કે એ આઈડિયા પ્રશ્નાત્મક ઓછો અને આદેશાત્મક વધુ હતો.

તે પછી એ એટલાન્ટાથી સીધા અમદાવાદની સડકો ઉપર ઊતરી આવ્યા હતા. બાપ રોજ રાહ જોતો રહ્યો પણ દિકરા અને એની પત્નીનો કોઈ ફોન ક્યારેય આવ્યો નહીં. એ વાતને ચાર મહિના વીતવા આવ્યા હતા. અને અચાનક કેટલાક દિવસોથી જિંદગી એમને નવા વળાંક પર લઈ આવી હતી.

રાત થઈ ગઈ હતી. અચાનક એમના પગ દૂરની ઝૂંપડપટ્ટી તરફ વળ્યા. બધાં ઝૂંપડાંઓમાં ઝાંખું-ઝાંખુ અજવાળું પ્રસરી રહ્યું હતું. એ ચોથા નંબરના ઝૂંપડાં પાસેથી પસાર થયા અને એમના કાને એ જ પરિચિત અવાજ સંભળાયો. "બાપુ, મેં કહ્યું ને હું ચોરી નહીં જ કરું. મા કચરામાંથી જાડા કાગળો વીણીને પેપર-બેગ બનાવતાં શીખવાડી ગઈ છે. એમાંથી જે મળે એમાં જીવી લઈશ પણ ખોટું કામ નહીં કરું." સામે બાપની લથડતા અવાજમાં ત્રાડ સંભળાઈ, "નાલાયક... તારી મા મારી માથે તને નાખીને ઉપર જતી રહી. દારૂ પીવાના પૈસા કોણ આપશે હવે?" એનો હાથ દિકરાને મારવા બાજુમાં પડેલી સોટી તરફ વળ્યો.

એ જ ક્ષણે શૈલેશભાઈ મક્કમ ડગલે ઝૂંપડામાં પ્રવેશ્યા. "હું આપીશ તને જોઈએ એટલા પૈસા. બોલ, તું મને તારો દિકરો દત્તક લેવા આપીશ?" બાપ કંઈ કહે એ પહેલાં ગૌરવનો અવાજ સંભળાયો, "સાહેબ, એ મારા બાપુ છે. એ જે પણ કહે કે કરે એ મને મંજૂર છે."

બીજે દિવસે શૈલેશભાઈએ સામેથી અમેરિકા ફોન લગાડ્યો, "હલો સમીર, તને એક ન્યૂઝ આપવા ફોન કર્યો છે. ત્યાંથી તો તમે મને વિદાય કરી દીધો પણ તું ભૂલી ગયો કે અહીંનો ત્રણ કરોડનો બંગલો, મર્સીડીઝ કાર અને બેંક બેલેન્સ હજુ પણ શૈલેશ જવાહર પંડ્યાના નામે જ છે. પણ સોરી, એ હવે તારા નામે નહીં થાય."

સામેથી સમીરનો ગભરાયેલો સ્વર આવી રહ્યો હતો, "ઓહ નો ડેડ, વ્હાય? આઈ એમ યોર ઓન્લી સન!"

શૈલેશભાઈ સ્વસ્થ અવાજે કહી રહ્યા હતા, "યસ સમીર, બટ આઈ હેવ અ ગ્રાન્ડસન! મારો પૌત્ર થવાના તમામ ગુણો એ ધરાવે છે." સામેનો છેડો સાવ મૌન બની ગયો હતો. શૈલેશભાઈ ઉમેરી રહ્યા હતા, "કેટલીક વાર લોહીના સંબંધો કરતાં સંજોગોએ બાંધેલા સંબંધો વધુ મજબૂત હોય છે. બાય બેટા, તને તો ડિગ્રી અપાવી પણ હવે કોઈકને સાચા અર્થમાં "શિક્ષિત" કરવાનું પુણ્ય મને લેવા દે!"

- mtabuch150@gmail.com

# ભગવાન એને જ તકલીફ આપે છે જેને એ ચાહે છે!

એક ભાઈ સવારે ઊઠીને છાપું વાંચતા અચાનક અટકી ગયા, હાથમાંનો ચાનો કપ પણ બાજુએ મૂકી દીધો અને કહે, મારું ભાગ્ય હંમેશા મારા કરતાં બે ડગલાં આગળ ચાલે છે. ક્યારેક તો એવું લાગે છે કે ભગવાને મને ભૂલથી બળદને બદલે મનુષ્ય બનાવી દિધો છે. અફસોસ એટલો કે એમણે મને માનવ તો બનાવી દિધો પણ મારું નસીબ બદલવાનું એમને જરૂરી ના લાગ્યું, સાલું મારા ભાગ્યમાં ઘાંચીના બળદની જેમ નકરી મજૂરી કરવાનું જ લખ્યું છે.

માનવને જ્યારે એના કર્મ મુજબનું ફળ ના મળે ત્યારે આવા વિચાર આવી જતા હોય છે. આ દુનિયામાં અમુક વ્યક્તિ જન્મથી જ નસીબના બળિયા, ભાગ્યશાળી હોય છે. એમને થોડોક પ્રયત્ન કરતાં જ જે જોઈતું હોય એ મળી જાય છે. ક્યાંક જો કશીક ભૂલ થતી હોય તોય અજાણી મદદ મળી જાય અને એમનું કામ પાર પડી જતું હોય છે. સામે છેડે કેટલાક લોકો પહેલાં ફકરામાં પોતાની હૈયાવરાળ ઠાલવી રહેલા ભાઈ જેવા હોય છે. છેવટ લગી એ લોકોને મહેનત કરવી પડે અને તોય કેટલાય પ્રયાસે એમનું ધાર્યું કામ પાર પડે કે ના પણ પડે. અંત સુધી કંઈ જ નક્કી ના હોય.

આવું કેમ થાય છે? મતલબ ભગવાને તો બધા મનુષ્યોને એક સરખા ઘડ્યા છે. બધાને એક સરખું મગજ, બે હાથ, બે પગ અને બીજા અંગો આપ્યા છે એમાં ક્યાંય કોઈ ભેદભાવ નથી રાખ્યો તો જ્યાં ભાગ્ય વહેંચવાનું આવ્યું ત્યાં આવડો મોટો ફરક શા માટે? અમુક માણસ ભાગ્યશાળી અને અમુક અભાગિયા કેમ?

જ્યાં સુધી હું ઈશ્વરની લીલા સમજી છું મારું માનવું છે કે નસીબદાર માનવો ભગવાનની દયા પર જીવે છે જ્યારે કર્મશીલ માનવો ભગવાનના પ્રેમમાં ભાગીદાર બને છે. જ્યારે પ્રભુને લાગતું હશે કે અરે આ બિચારી/બિચારો અહીં અટવાઈ જશે, એને કોઈની મદદ નહીં મળે ત્યાં સુધી એ જાતે કશું જ નહીં કરી શકે ત્યારે ભગવાન દયાભાવથી પ્રેરાઈ એને માટે કોઈ ઓચિંતી મદદ મોકલી આપે છે. આપણને લાગે કે એ વ્યક્તિ નસીબદાર છે, ભગવાન તરત એને માટે મદદ મોકલે છે.

અમુક વ્યક્તિ ઝડપથી હાર માની લેવામાં નથી માનતી. એકવાર એમનું ધાર્યું કામ નહિ થાય તો એ ક્યાં ચૂક રહી ગઈ એ શોધી કાઢી ફરી પ્રયત્ન કરશે. આવા લોકો કદાચ ઈશ્વરને બહુ ગમે છે. એમને ભરોસો હોય છે કે ગમ્મે તે રીતે આ વ્યક્તિ એની મંજિલ તક પહોંચી જ જશે. આવી વ્યક્તિઓને ઈશ્વરની દયા નહિ પણ એ એમને નવા નવા ટાર્ગેટ આપે અને એ પુરા કરવાની હિંમત આપે એટલું જ જોઈએ છે. એમને રોજ મંદિરે જવા કરતા વધારે વિશ્વાસ એમના કર્મ પર હોય છે અને એટલે જ ભગવાન તરફથી એમને અનોખો પ્રેમ ઈનામમાં મળે છે.

હજી વધારે સરળ રીતે કહું તો ભાગ્યએ કાચો માલ છે અને કર્મ એને પકાવવા માટેનું ઈંધણ. બંને એકબીજાના પૂરક છે. અહીં ભાગ્યને તમે અનાજ સ્વરૂપે લો તો એને પકાવવા માટે જે તાપ જોઈએ એ કર્મ છે. જેમની પાસે ભાગ્ય છે એમની પાસે અનાજ છે. એ એમના કર્મ રૂપી તાપથી એ અનાજને રાંધીને વાનગી તૈયાર કરી શકશે. જે લોકોનું ભાગ્ય સારું નથી છે એમની પાસે અનાજ નથી તો એ શું કરે? એમણે એમની વાનગી રાંધવા સૌથી પહેલા તો મહેનત કરી અનાજ મેળવવું પડશે.

મતલબ કે નસીબદારને એનું અનાજ (ઈચ્છા) સહજતાથી મળી જાય છે જ્યારે બાકીનાને એ મેળવવા મહેનત કરવી પડે છે. અહીં એક મજાની વાત એ કે મહેનત કરીને અનાજ મેળવનાર માણસ એને ગમતી ક્વોલિટી મેળવી શકે છે. એણે સુરતી કોલમ કે ગુજરાત સત્તરથી ચલાવી લેવું છે કે બાસમતી ચોખાની મઘમઘતી મહેંક માણવી છે એ નક્કી કરવાનું એના હાથમાં છે. આવી વ્યક્તિ ધારે તે કરી શકે છે. આનો સીધો મતલબ એ કે જે જનમથી ભાગ્યશાળી નથી એમનું ભાગ્ય એમની હથેળીઓમાં છુપાયેલું છે. મહેનત કરીને એ લોકો ભાગ્યશાળી વ્યક્તિઓ કરતા ઘણું વધારે મેળવી શકે છે.



નખરાળી જિંદગી
નિયતી કાપડીયા

હવે તમે કહેશો કે જનમથી જ ભાગ્ય સાથે લઈને દુનિયામાં અવતરવું સારું છે અને હું કહીશ કે ના એ ખોટી વાત છે. તમે નસીબદાર છો તો તમારી પાસે તમને જોઈતું અનાજ પડ્યું છે એ સાચું પણ જ્યાં સુધી તમે એ અનાજને કર્મ રૂપી તાપથી પકવીને એમાંથી વાનગી તૈયાર નહિ કરો ત્યાં સુધી એ અનાજનું મૂલ્ય શું? સીધી વાત એમ કે તમારામાં રસોડામાં ધાન્ય પડ્યું હોય એને તમારે સમય રહેતા રાંધી લેવું પડે નહીંતર એમાં ધનેડા પડી જાય, એ અનાજ સડી જાય, અખાદ્ય પદાર્થ બની જાય અને છેલ્લે તમારું ભાગ્ય કીડીઓની મિજબાની બની જાય! ભગવાને તમને જે સહુલીયત આપી હોય એનો ફાયદો ઉઠાવવા માટે પણ મહેનત કરવી જરૂરી છે.

આ બધી ચર્ચાને અંતે એટલું કહી શકાય કે માણસ પાસે ભાગ્ય હોય કે ના હોય પણ મહેનત કરવાની ઈચ્છા હોવી જરૂરી છે. દુનિયામાં એવું પણ બને કે મહેનતના અભાવે ભાગ્યશાળી હાથમાં આવી ગયેલી તક ગુમાવી બેસે!

ટુંકમાં ભગવાન કોઈ માનવ સાથે અન્યાય નથી કરતા. એ તમને બસ એટલું જ કહે છે કે ઈચ્છા કરો અને એને પૂરી કરવા લાગી પડો. તમે ક્યાંય અટકી પડશો અને તમને એવું લાગે કે હવે જાતે આગળ નહિ વધી શકાય અને ત્યારે અચાનક કોઈ મદદ આવી મળે તો એ તમારું ભાગ્ય છે, ભગવાન તમારી સહાય કરી રહ્યા છે. જો કોઈ મદદ નથી મળતી તો માની લેજો કે ખુદ ભગવાનને તમારા પર એટલો ભરોસો છે કે આ એનું ફોડી લેશે અને એટલે જ એ તમારા પ્રત્યે દયા નથી દાખવતા.

જે વ્યક્તિ પર પ્રભુ દયા નથી કરતા એના પર એ પ્રેમ વરસાવે છે. એ એને એવા પ્રતિકૂળ સંજોગ વચ્ચે લાવીને મૂકી દે છે કે પરિસ્થિતિ સામે લડતા લડતા માનવને ખ્યાલ આવે છે કે એનામાં કેટલું બધું સામર્થ્ય ભરેલું પડ્યું હતું. આવા માનવો જ પછી ઈતિહાસ રચી જાય છે.

તમે ઈતિહાસના પાને લખાઈ ગયેલા પાંચ નામી માણસોના નામ યાદ કરી જુઓ. કોણ યાદ આવ્યું? અચ્છા, એમાંથી એવા કેટલા નામ યાદ આવ્યાં જેમને એ સિદ્ધિ એમના નસીબથી મળી હતી? વધારે નામ નસીબદાર નહિ પણ મહેનત કરનાર લોકોના નીકળ્યા, સાચું ને...એને જ ઈશ્વરનો પ્રેમ કહેવાય જે માનવને મર્યા બાદ પણ અમર કરી જાય છે.

**અમસ્તું,**

કર્મ કરનારનો આત્મવિશ્વાસ વધે છે અને આ જ આત્મવિશ્વાસ જ્ઞાનીને વિનમ્ર તથા અજ્ઞાનીને અહંકારી બનાવે છે.

@Niyati Kapadia

# માણસને માણસથી દૂર કરવાવાળી પહેલી વસ્તુ છે "જીભ" અને બીજી વસ્તુ છે "પૈસા"...!

મને ઊભો શેઢે પરિચિત બધાં ખેતર
જુએ
ઘણે વર્ષે આજે.
વહે ક્યારે ક્યારે કૂપ જ લઈને નીક
હળવે,
પણે ખૂણે કોઈ ગુસપુસ કરે , સાંભળું :
'અલ્યા
હવે શેનો બોલે ? ભણતર ભણી સા'બ
થઈ ગ્યો.'

● ● ●

"....હમણાં એક નવું જાણવા મળ્યું ..." મેં કહ્યું, શું ? ."..મોં માગી ફી ભરી એડમિશન લેવાનું...શાળાએ ન જવાનું...છતાં રજીસ્ટ્રેશન થઈ જાય...હાજરી નિયમિત ભરાય..બસ ,પરીક્ષા આપવાની...ભણવાનું તો કોચિંગ ક્લાસ માં..." જુઓ આ કેવું ?!! ડમી શાળાઓ..ડમી શિક્ષકો ..ડમી વિદ્યાર્થીઓ .. ડમી પરીક્ષાર્થીઓ..!!!

અરે, એક જિલ્લાના શિક્ષણાધિકારીને લાંચ લેતાં પકડયા...એમના સ્થાને આવેલા ઉત્તરાધિકારી એય ગણતરીના દિવસોમાં લાંચ લેતાં રંગે હાથ ઝડપાયા..પ્રામાણિકતાનો અંચળો ઓઢી ભ્રષ્ટાચાર આચરનારા આવા અધિકારીઓ પાસે કેવી અપેક્ષા રાખશો ?!

ઉત્તમ અને પવિત્ર ગણાતા શિક્ષણ ક્ષેત્ર સાથે જોડાયેલા સંચાલકો,આચાર્યો, શિક્ષકો તેમજ અધિકારીઓને સમાજ એક વિશેષ આદર અને માન આપતો. જ્ઞાનગંગાના ભગીરથો ને શાસકો અદકું સન્માન આપતા. આજે વિદ્યામંદિરોને કલુષિતતાનો લૂણો લાગ્યો છે. ભરતી કૌભાંડો...પ્રશ્નપત્રો ફૂટી જાય..ડોનેશન... ઉઘરાણાં..હકના લાભો મેળવવા પ્રામાણિક વ્યક્તિઓએ પણ કમને ' દાન દક્ષિણા ' ધરવી પડે ..

આવો છદ્મનાચ ઠેકડા મારી રહ્યો છે..આ વાટકી વ્યવહારની શૃંખલા તળિયે થી છેક ટોચ લગી અખંડ જોડાયેલી હોય છે.બાળકોને જીવન મૂલ્યોના પદાર્થ પાઠ ભણાવનારા આવા મોટા સાહેબોના ખાસ માનીતા ( વચેટિયા) હોવાનું ગૌરવ લઈ ફરતાં હોય છે.

આજે શિક્ષણ સેવા નહિ પણ એક મબલખ કમાણીનો ઉદ્યોગ સાબિત થયો છે,એટલે વિદ્યાર્થી નહીં " ગ્રાહક " દેખાય છે .. પરિણામે બજારુ અનિષ્ટો પ્રવેશ્યા.

દોસ્તો, વિક્ટર હ્યુગો એ વર્ષો પહેલાં એકદમ સાચુકલા શિક્ષણ વિશે કહેલું કે, " વિદ્યા -- વિદ્યાધામો જ જેલના દરવાજા બંધ કરી શકે.." આજે બિલાડીના ટોપની માફક ઠેરઠેર ભવ્ય વિદ્યાસંકુલો વધતાં જ જાય છે...પણ સાથે સાથે જેલો પણ નાની પાડવા માંડી છે. આ સંદર્ભે શિક્ષણ હિતચિંતકોએ ચિંતન કરવા જેવું છે. માનવજીવન અને શિક્ષણ મૂલ્ય હ્રાસ તરફ સરકી રહ્યું છે.ગામડે ગામડે" વિદ્યાર્થી" નહીં " ગ્રાહકો " શોધનારાઓની હડીયાપાટી વધવા લાગી છે. સ્માર્ટ ક્લાસ રૂમની વાતો.. કમ્પ્યૂટર..પ્રવાસ...યુનિફોર્મ...દફતર..મેદાનો...પ્રયોગશાળા...અવનવી પરીક્ષાઓ...અભ્યાસક્રમ...આવી લોભામણી ભ્રામક જાહેરાતો વચાળે પેલી " વ્યક્તિ ઘડતરની " વાત તો કોરાણે જ મુકાઈ ગઈ છે.માનવપણા ને દુર હડસેલી શિક્ષણ માનવીથી ક્યાંક દૂર ચાલ્યું ગયું હોય એમ લાગે છે.



લાગણીનો મેળો
રસિક વાળંદ

રૂપિયાના જોરે સરસ મજાની ' ઉપાધિ '(પદવી ) તો હાથવગી થઈ જાય છે પણ પાર વગરની ઉપાધિ ( પીડાઓ) લઈને આવે છે.રોજ અખબારી પાને કેટલીયે પીડા જનક ખબરો જ સાબિત કરે છે આજના શિક્ષણની ફલશ્રુતિ...! હવે વિદ્યાર્થી નહીં...આજનો પરીક્ષાર્થી ભણતાં પહેલાં ' નોકરી ' અને ' પેકેજ ' નું વિચારતો થયો છે...એ વિચારવું જ જોઈએ એમાં કશું ખોટું પણ નથી. પરંતુ શિક્ષણનું મૂળ ધ્યેય ' ઉમદા માનવ ' બનાવવાનું છે ...વ્યક્તિનો સર્વાંગી વિકાસ ...અને આખરે તો ભણેલો ગણેલો વ્યકિત સત્યનું આચરણ કરે,અન્યનું શિવ (કલ્યાણ ) ઈચ્છે અને જગતને સુંદર બનાવે એ અપેક્ષિત છે...પરંતુ દુ:ખ સાથે કહેવું પડે કે મોટે ભાગે આવી સંભાવના ક્યાંય કશે દેખાય ખરી ?!! આ બધાના મૂળમાં સમાજની સાથે શિક્ષણ સાથે સંકળાયેલ તમામ જાણે અજાણે જવાબદાર છે જ એટલે માફિયાગીરી વકરી રહી છે.એ સ્વીકારવું રહ્યું.

ખેર ,એવું કહેવાય છે, જે રાષ્ટ્ર પાસે કોઈ ભૂતકાળ નથી એનું ભવિષ્ય પણ નથી.. આપણી પાસે તો ભવ્ય ભૂતકાળ છે...ંજીંરી ૅટ્રજં હૈૠંરી કૈંી-- આપણે ભાવિ માટે આપણા વારસાને પુનર્જીવિત કરવો પડશે.આજની ભૌતિકતા ની દોડ માણસમાંથી માણસાઈ ને છીનવી લે છે..માણસ જ મટી જાય પછી રહે શું ?? આપણને તો " સર્વેત્ર સુખીન : સન્તુ : " આ મંગલ ભાવના ઉપનિષદો એ ગળથૂથીમાંથી જ ગોખાવી છે.

છેલ્લે એક સૂચક પ્રસંગ યાદ આવે છે, " ..જ્યારે કવિ ન્હાનાલાલ એજ્યુકેશન ઈન્સ્પેક્ટર હતા ત્યારે રાજકોટની ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ ની તેમણે અચાનક મુલાકાત લીધી.એ સમયે કૉલેજના છાત્રાલયના રસોડે બધા તાલીમાર્થીઓ જમી રહ્યા હતા.એ દશ્ય જોતાં જ કવિની આંખો સજળ બની ગઈ.ઘેર આવીને કવિ જમવા બેઠા.તેમની પત્ની માણેક ગૌરીએ થાળીમાં રોટલી પીરસી કે તરત જ તેઓ બોલી ઉઠ્યા , " માણેક, ઘી ચોપડેલી રોટલી જમવાનો મને અધિકાર નથી.ભાવિ પેઢી ઘડનારા મારા શિક્ષકો જો ઘી ચોપડેલી રોટલી જમી ન શકતા હોય તો...તો પછી મને ઘી વાળી રોટલી જમવાનો શો અધિકાર ?"

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો ઢોલ પિટ્યો છે ત્યારે આવા ઉજળા દિવસોની પ્રતીક્ષા કરીએ...!!

જય સરસ્વતી

**સ્પર્શમણિ :**

'નિ:સ્વાર્થવૃત્તિ એ જ ધર્મની કસોટી છે.'

● ● ●

'તમામ પૂજા - ઉપાસનાનો સાર આ છે; શુદ્ધ થવું અને બીજાનું ભલું કરવું.'.

- સ્વામી વિવેકાનંદ

● ● ●

માણસને માણસથી દૂર કરવાવાળી પહેલી વસ્તુ છે " જીભ" અને બીજી વસ્તુ છે " પૈસા "...!

● ● ●

rasikvaland1965@gmail.com
9913426949